જય છઠ્ઠી મૈયા : કોટના બીચ પર શ્રદ્ધાળુઓનો ઉમટ્યો માનવ સાગર



વડોદરા હાલ લોકઆસ્થા, અતૂટ શ્રદ્ધા અને પવિત્રતાના મહાપર્વ 'છઠ પૂજા'ના દિવ્ય રંગમાં રંગાઈ ગઈ છે. શહેરમાં વસતા ઉત્તર ભારતીય અને બિહારી સમાજ દ્વારા અતિ ઉમંગ અને ઉત્સાહ સાથે છઠ પૂજાની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉત્સવના કેન્દ્રસ્થાને રહેલા 'બિહાર સાંસ્કૃતિક મંડળ' દ્વારા શહેરના કોટના બીચ ખાતે એક વિશેષ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં આશરે ૨૦ હજાર જેટલા શ્રદ્ધાળુઓનો વિશાળ માનવસાગર ઉમટી પડ્યો હતો. આ ઉત્સવ કૃતજ્ઞતા અને આસ્થાનું પ્રતીક છે. આ પર્વમાં શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની આરાધના કરી પરિવારની સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. વ્રતની વિધિ અનુસાર, પ્રથમ દિવસે અસ્તાચળ (આથમતા સૂર્ય) અને બીજા દિવસે સવારે ઉદયમાન (ઉગતા) સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવામાં આવે છે.

વડોદરા શહેરમાં છઠ પૂજાનું આયોજન વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું હતું. જેમાં કોટના ઉપરાંત બાપોદ તળાવ, કમલા નગર તળાવ, પાટલિયા હનુમાન મંદિર, પાદરા તળાવ અને બાકરોલ ગામના ટીમ્બી તળાવ સહિતનાં સ્થળોએ શ્રદ્ધાળુઓએ પૂજા-અર્ચના કરી હતી.

વડોદરામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ભવ્ય ઉજવણી, બિરસા મુંડાને યાદ કર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૫

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસ અને જનજાતીય ગૌરવ સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખોડિયાર નગર કોમ્યુનિટી હોલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના આગેવાનો, હોદ્દેદારો અને સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમનો પ્રારંભ ખોડિયાર નગર ચાર રસ્તાથી નીકળેલી ભવ્ય શોભાયાત્રાથી થયો હતો. શોભાયાત્રામાં આદિવાસી સમાજના લોકો પરંપરાગત પોશાકમાં જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ગૌરવ અને ઉત્સાહથી ભરાઈ ગયું હતું. ત્યારબાદ બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ, ખોડિયાર નગર ખાતે સ્ટેજ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ નિહાળવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને ગૌરવશાળી ઈતિહાસને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

ભગવાન બિરસા મુંડાના જીવન સંઘર્ષ, દેશપ્રેમ અને આદિવાસી સમાજ માટેના યોગદાનને સ્મરણ કરવામાં આવ્યું હતું. જનજાતીય ગૌરવ સપ્તાહ નિમિત્તે સમાજના અગ્રણીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્યો સહિતના પાલિકાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

વડોદરામાં ૨૧ નવેમ્બરે નીકળશે શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનનો ૨૧૭મો ભવ્ય વરઘોડો

(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૫

સંસ્કારી નગરી વડોદરાની ઐતિહાસિક અને ભવ્ય ધાર્મિક પરંપરાના પ્રતીક સમાન શ્રી વિઠ્ઠલનાથજી ભગવાનનો ૨૧૭મો પરંપરાગત વરઘોડો આગામી દેવઉઠી એકાદશી, તારીખ ૨૧ નવેમ્બરના રોજ પૂરા ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે નીકળનાર છે. વર્ષોથી ચાલી આવતી આ અખંડ પરંપરામાં જોડાવા માટે વડોદરા સહિત સમગ્ર મધ્ય ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં વૈષ્ણવો અને ભક્તો ઉમટી પડતા હોય છે.જોકે, આ ભવ્ય શોભાયાત્રાને આડે હવે ગણતરીના માત્ર ૫ દિવસ જ બાકી રહ્યા છે, તેમ છતાં વરઘોડાના પરંપરાગત રૂટ માંડવાના વચ્ચેના દરવાજા પર વહીવટી તંત્ર દ્વારા લગાડવામાં આવેલા બેરિકેટિંગ હજુ પણ યથાવત જોવા મળી રહ્યા છે. માંડવી પરના આ અવરોધોને કારણે શોભાયાત્રાના સરળ સંચાલન અને ભક્તોની સુરક્ષાને લઈને આયોજકો તેમજ ભક્તોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

વડોદરામાં શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત વિશ્વશાંતિ - ભવ્ય નગરયાત્રા યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૫

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી અંતર્ગત આજે બપોરે વડોદરા શહેરમાં ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય નગરયાત્રા વડોદરાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા ખંડેરાવ માર્કેટ ખાતેથી પ્રસ્થાન કરી ન્યાય મંદિર - લાલ કોર્ટ, માંડવી રોડ, ચાંપાનેર દરવાજા તથા ફતેપુરા રોડ સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરા ખાતે પૂર્ણ થઈ હતી. નગરયાત્રાના સમગ્ર માર્ગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય મહિમા અને ભક્તિભાવનો સંદેશ પ્રસરાવતી નગરયાત્રાનું શહેરના વિવિધ વિસ્તારોમાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માર્ગની બંને બાજુ ઊભા રહીને નગરજનો, હરિભક્તો અને ભાવિકજનો ભગવાનનાં દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર નગરયાત્રા દરમિયાન વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બની રહ્યું હતું.

આ નગરયાત્રા માત્ર ધાર્મિક શોભાયાત્રા નહીં, પરંતુ ભગવાન પ્રત્યેની શ્રદ્ધા, સંસ્કાર, સંસ્કૃતિ, એકતા અને સનાતન ધર્મની ભવ્ય પરંપરાનું પ્રતીક બની રહી હતી.

દારૂ કેસમાં PI-PSI સસ્પેન્ડ ACP-DCPની જવાબદારી નહીં?

દારૂના ગેરકાયદે કારોબાર પર રોક લગાવવાની જવાબદારી ઘરાવતા ઉપરી અધિકારીઓની ભૂમિકા સામે પણ સવાલો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરાના ખોડિયારનગર વિસ્તારમાં અઢી મહિના પહેલાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ રૂ.84.01 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડતાં બાપોદ પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા હતા. આ પ્રકરણમાં ફરજમાં બેદરકારી બદલ બાપોદ પોલીસ સ્ટેશનના તત્કાલીન PI ડી.ડી. લાડુમોર અને ચોકીના PSI આર.એન. પ્રસાદને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે, હવે જવાબદારી માત્ર બે અધિકારીઓ પૂરતી સીમિત રહેશે કે દેખરેખ રાખતા ACP અને DCPની ભૂમિકાની પણ તપાસ થશે તેવો સવાલ ઊઠ્યો છે.

SMCએ બાતમીના આધારે ખોડિયારનગરમાં સફેદ વુડાના મકાન પાછળ આવેલા નિલકંઠ વિલા ફ્લેટના પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો. તે સમયે ત્યાં વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું. ટીમે રૂ.84.01 લાખનો દારૂ કબજે કર્યો હતો. પોલીસને જોઈ દારૂ લેવા આવેલા શખસો વાહનો મૂકીને ફરાર થઈ ગયા હતા. તપાસમાં દારૂનો જથ્થો લિસ્ટેડ બુટલેગર નીલુ સિંધીનો હોવાનું સામે આવતાં તેને વોન્ટેડ જાહેર કરાયો હતો.

આ દરોડા બાદ બાપોદ પોલીસની કામગીરીની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં PI અને PSIની ફરજમાં બેદરકારી સામે આવતાં બંનેને સસ્પેન્ડ કરાયા છે. હાલ બાપોદ પોલીસ સ્ટેશનનો ચાર્જ કુંભારવાડા પોલીસ સ્ટેશનના PIને સોંપવામાં આવ્યો છે. જોકે, પોલીસ સ્ટેશન વિસ્તારમાં આટલા મોટા પ્રમાણમાં દારૂનો સંગ્રહ અને કટિંગ થતું હોય ત્યારે સ્થાનિક પોલીસની સાથે દેખરેખ રાખતા ઉચ્ચ અધિકારીઓની જવાબદારી પણ ચર્ચામાં આવી છે. ACP અને DCPને આ નેટવર્કની જાણ હતી કે કેમ અને તેમની સુપરવિઝનમાં કોઈ ખામી રહી હતી કે કેમ તેવા સવાલો ઊઠ્યા છે.

અકોટામાં ગણેશ મંદિર પાછળ પ્રૌઢને આંગળી પર વીંછી કરડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરના અકોટા વિસ્તારમાં રવિવારે બપોરે એક અણધારી ઘટના સામે આવી છે, જેમાં મૂળ મિયાગામ કરજણના વતની એવા ૫૩ વર્ષીય પ્રૌઢને વીંછી કરડી જતાં તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. સમયસર સારવાર મળી જવાથી મોટી દુર્ઘટના ટળી હતી. મિયાગામ કરજણ ખાતે રહેતા અનિલભાઈ દરબાર. ઉંમર વર્ષ ૫૩. ગત રવિવારે બપોરે ૧ વાગ્યાની આસપાસ અકોટા વિસ્તારમાં આવેલા શિવાજીપૂરી સોસાયટીમાં ગણેશ મંદિર પાછળના ભાગમાં ઉપસ્થિત હતા. તે દરમિયાન અચાનક તેમના હાથની આંગળી પર એક વીંછી કરડી ગયો હતો. વીંછીના ડંખના કારણે અનિલભાઈને પીડા અને બળતરા ઉપડતાં આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પરિવારજનો અને સ્થાનિકો દ્વારા કોઈ પણ પ્રકારની વિલંબ કર્યા વિના અનિલભાઈને તાત્કાલિક શહેરની સયાજી હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં લાવવામાં આવ્યા હતા.

માર્ગ અકસ્માતના દિવંગતોને શ્રદ્ધાંજલિ આપી ટ્રાફિક જાગૃતિ રેલી યોજાઈ



બ્રહ્માકુમારીઝ અટલાદરા અને શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે શ્રદ્ધાંજલિ અને સદભાવના કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવા કેન્દ્ર અને શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે માર્ગ અકસ્માતમાં દિવંગત થયેલા આત્માઓની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અને સદ્ભાવના કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ મૌન પાળી દિવંગત આત્માઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરી હતી. મેડિટેશન દ્વારા શાંતિનો અનુભવ પણ કરાવવામાં આવ્યો હતો.

અટલાદરા સેવા કેન્દ્રનાં સંચાલિકા રાજયોગિની બી.કે. ડૉ. અરુણા દીદીએ જણાવ્યું હતું કે, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓને સાચી શ્રદ્ધાંજલિ છે. તેમણે સૌને માર્ગ સલામતી પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. આ પ્રસંગે વડોદરા શહેર ટ્રાફિક વિભાગના એસીપી ડી.એમ. વ્યાસ, પીઆઈ જે.વી. પંડિત, એમ. પરમાર અને કે.જે. રાણા ઉપસ્થિત રહ્યા હતા. કસ્ટમ ઓફિસર બી.કે. દશરથભાઈ તથા માઉન્ટ આબુ હેડક્વાર્ટરના બી.કે. રમેશભાઈએ પણ વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમ બાદ ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ ફેલાવવા રેલી યોજાઈ હતી. જેમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને બ્રહ્માકુમારીઝના ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

વડોદરામાં પ્રકાશ પર્વ નિમિત્તે નીકળી ભવ્ય નગર કીર્તન યાત્રા



ખાલસાઈ અંદાજ, કીર્તન અને ગતકાના કરતબોથી ગુંજ્યું શહેર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શીખોના પવિત્ર અને ધાર્મિક પ્રકાશ પર્વની ભક્તિમય ઉજવણીના ભાગરૂપે સંસ્કારી નગરી વડોદરામાં શ્રદ્ધા અને ઉત્સાહનું અદ્ભુત વાતાવરણ જોવા મળ્યું હતું. શહેરના ખંડેરાવ માર્કેટ સ્થિત ઐતિહાસિક શ્રી નાનકવાડી ગુરુદ્વારા ખાતેથી એક ભવ્ય અને વિશાળ નગર કીર્તન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાએ શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ભ્રમણ કરી છાણી ગુરુદ્વારા ખાતે પૂર્ણ થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. નગર કીર્તન યાત્રાનું મુખ્ય આકર્ષણ સુશોભિત અને મનમોહક પાલકી સાહિબમાં બિરાજમાન પવિત્ર શ્રી ગુરુ ગ્રંથ સાહિબજી રહ્યા હતા. શીખ પરંપરા મુજબ પાંચ પ્યારા અને નિશાન સાહેબની પવિત્ર આગેવાનીમાં આ યાત્રા આગળ વધી હતી. માર્ગમાં ઠેર-ઠેર નગરજનો દ્વારા પાલકી સાહિબનું ફુલવર્ષાથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સરકારી શાળાના બાળકો હવે બનશે એન્કર, પોડકાસ્ટર!

ગુજરાતમાં પહેલીવાર વિદ્યાર્થીઓએ જ સંભાળ્યું સ્ટુડિયોનું સંચાલન



300થી વધુ બાળકોને મળી પત્રકારત્વની તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ એવું કામ કરી બતાવ્યું છે, જે ગુજરાતની કોઈ મહાનગરપાલિકા કે જિલ્લાની સરકારી શાળામાં આજ સુધી થયું નહોતું. સમિતિએ પોતાના બાળકો માટે ખાસ સ્ટુડિયો બનાવ્યો છે - પ્રતિભા સ્ટુડિયો. અને આ સ્ટુડિયોને શરૂ થયાને હજુ માંડ 8 મહિના થયા છે, ત્યાં તો તે આખા શહેરમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

આ સ્ટુડિયો કોઈ મોટા કલાકારો માટે નથી, પણ સમિતિની પ્રાથમિક, માધ્યમિક, બાલવાટિકા અને બાલવાડીની 40 હજારથી વધુ વિદ્યાર્થીઓ અને 1200થી વધુ શિક્ષકો માટે છે. અહીં બાળકો પોતાની કલ્પનાને કેમેરા સામે મૂકી શકે છે, બોલી શકે છે, સવાલ પૂછી શકે છે.

દુઃખદ પ્રસંગે પરિવારની વિના મૂલ્યે મદદ કરાશે

શ્રી આસ્થા ફાઉન્ડેશનની માનવતાની મહેક : નિઃશુલ્ક એ.સી. કોફીન સેવાનો પ્રારંભ



(પ્રતિનિધિ) વડોદરા, તા.15

શહેરના મહાવીર ચાર રસ્તા પાસે આવેલા શ્રી આસ્થા ફાઉન્ડેશન દ્વારા નગરજનોની સેવા અર્થે નિઃશુલ્ક એ.સી. કોફીન સેવા શરૂ કરવામાં આવી છે. દુઃખદ પ્રસંગે પરિવારજનોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે હેતુથી સંસ્થા દ્વારા આ સેવા સંપૂર્ણ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. જે વિશે માહિતી આપતા શ્રી આસ્થા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ ફાલ્ગુનીબેન રાઠવાએ જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિનું અવસાન થાય ત્યારે તેના અંતિમ સંસ્કાર માટે દૂર વસતા સગા-સંબંધીઓની રાહ જોવી પડતી હોય છે. ખાસ કરીને ઉનાળાના સમયમાં કે લાંબા સમય સુધી રાહ જોવી પડે ત્યારે મૃતદેહને સાચવવો મુશ્કેલ બની જાય છે. આવા સમયે એ.સી. કોફીન ખૂબ ઉપયોગી બને છે. જેથી અશોકભાઈ નીહલાનીના સહયોગથી વડોદરા શહેર અને જિલ્લાના કોઈપણ વિસ્તારમાં રહેતા નાગરિકોને એ.સી. કોફીનની સેવા આપવામાં આવશે. જે સેવા 24 કલાક કાર્યરત રહેશે.

વડોદરામાં માટી પુરાણના નામે 'મલાઈ'નું મોટું પુરાણ!



એક તકના કામમાં ત્રણ ગણો ભાવ? સબ કોન્ટ્રાક્ટરના નામે આખા શહેરમાં વહીવટની ચર્ચા, કોર્પોરેટરોને 25થી 30 ટકા આપવાના દાવાથી ખળભળાટ!

વડોદરા શહેરમાં વિકાસનાં કામો સાથે હવે માટી પુરાણની પણ ભારે ચર્ચા છે. પરંતુ આ માટી પુરાણ માત્ર ખાડા પૂરવા પૂરતું છે કે પછી કોઈની તિજોરી ભરવાનું માધ્યમ બની રહ્યું છે? શહેરમાં અત્યારે આવા સવાલો ચર્ચાઈ રહ્યા છે.

ચર્ચા એવી છે કે એક રામભાઈ નામના વ્યક્તિ પોતાને કાર્યપાલક ઈજનેરના માણસ અને સબ કોન્ટ્રાક્ટર તરીકે ઓળખાવી શહેરભરમાં માટી પુરાણનાં કામોમાં સક્રિય હોવાનો દાવો કરે છે. એટલું જ નહીં, કેટલાક કોર્પોરેટરોને 25થી 30 ટકા સુધીનો હિસ્સો આપવાની વાતો પણ કરતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો આ દાવાઓમાં જરાય તથ્ય હોય તો આ માત્ર માટી પુરાણનો મામલો નથી, પરંતુ પાલિકાની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલ ઊભા કરે છે.


સૌથી રસપ્રદ ચર્ચા તો કામના ભાવને લઈને છે. એક તકના કામ માટેના અંદાજિત ખર્ચ કરતાં ત્રણ ગણો ભાવ લગાવીને પાલિકામાંથી બિલ પાસ કરાવાતાં હોવાની ફરિયાદો પણ ચર્ચામાં છે. જો આવું ખરેખર થઈ રહ્યું હોય તો સરકારી નાણાંની જવાબદારી કોની? ભાવ નક્કી કોણ કરે છે? કામની ગુણવત્તા અને જથ્થાની ચકાસણી કોણ કરે છે? અને બિલ પાસ કરતાં પહેલાં સ્થળ પર ખરેખર કેટલું કામ થયું તેની તપાસ થાય છે કે નહીં?

હવે સૌથી મોટો સવાલ એ છે કે રામભાઈને કાર્યપાલક ઈજનેરનું ખરેખર પીઠબળ છે કે પછી તેમના નામનો ઉપયોગ કરીને કોઈ પોતાનું સામ્રાજ્ય ચલાવી રહ્યું છે? જો અધિકારીનો સહકાર નથી તો પછી તેમના નામે આટલી હિંમતથી કામકાજની વાતો કેવી રીતે થાય છે? અને જો સહકાર છે તો તેની હદ ક્યાં સુધી છે?

આ સમગ્ર મામલે કાર્યપાલક ઈજનેરથી લઈને કોન્ટ્રાક્ટર, સબ કોન્ટ્રાક્ટર અને બિલ પાસ કરવાની પ્રક્રિયા સુધીની નિષ્પક્ષ તપાસ જરૂરી બની છે. માત્ર વાતોના વંટોળથી કૌભાંડ સાબિત થતું નથી, પરંતુ જો આક્ષેપો સાચા નીકળે તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ.

શહેરની જનતાના પૈસે માટી પુરાય છે કે કોઈની મલાઈની વ્યવસ્થા થાય છે? હવે આ સવાલનો જવાબ વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો અને તંત્રએ આપવાનો સમય આવી ગયો છે!

દિવાળીની રેડમાં જુગાડ કરતાં 'વહીવટ'નો દાવ!



દિવાળીના તહેવારમાં ફટાકડાના ધડાકા તો આખા શહેરમાં સંભળાયા, પરંતુ શહેરના પાણીદાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારધામ પર પડેલી કથિત રેડની ચર્ચા કંઈક અલગ જ ધડાકા સાથે ગુંજી રહી છે! મકાનની અગાસી પર જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા હોવાની ચર્ચા છે. હવે સવાલ એ છે કે પોલીસ જુગાર પકડવા ગઈ હતી કે પછી જુગારીઓને દિવાળીની 'ભેટ' આપીને જવા દેવા?

ચર્ચા એવી છે કે આઠેય જુગારીઓ પાસેથી રૂ.4 હજાર લેખે કુલ રૂ.32 હજારની કથિત વસૂલાત બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા અને FIR તો જાણે આ આખા ખેલમાં ક્યાંક ખોવાઈ જ ગઈ! સામાન્ય નાગરિક કાયદો તોડે તો કાર્યવાહીનો ડંડો તૈયાર, પણ જુગારધામની કથિત રેડમાં આટલી ઉદારતા કેમ?

હવે તો જુગારીઓને પણ સમજાઈ ગયું હશે કે દિવાળીમાં પત્તાંના દાવ કરતાં 'વહીવટના દાવ'ની ચર્ચા વધુ ગરમ છે!

કાયદાનો જુગાર રમાતો નથી સાહેબ, તેનો અમલ થવો જોઈએ!

વડોદરાની ખાખીથી કંટાળેલા PIને હવે 'હોમ ગ્રાઉન્ડ' પર રમવું છે!




વડોદરા શહેર પોલીસના એક PIને જાણે હવે શહેરની હવા માફક આવતી નથી! સ્થાનિક પોલીસ સ્ટેશનથી લઈને ટ્રાફિક વિભાગ સુધી ફરજ બજાવી ચૂકેલા આ અધિકારીને હવે વડોદરા છોડીને અન્ય શહેરમાં જવાની ભારે ઉતાવળ હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને પોતાના વતન નજીક કે પછી મનગમતી જગ્યાએ પોસ્ટિંગ મળી જાય તે માટે લાંબા સમયથી લોબિંગ ચાલી રહ્યું હોવાની ચર્ચા છે.

જોકે, બદલી માટેના પ્રયાસો જાણે હજુ સુધી 'ગ્રીન સિગ્નલ' મેળવી શક્યા નથી. વારંવારના પ્રયાસો છતાં મનગમતી જગ્યાએ પોસ્ટિંગનો મેળ બેસતો નથી. બીજી તરફ સાહેબને તો જાણે હવે વડોદરામાં વધુ રોકાવું જ નથી! એટલે બદલી માટેની મથામણ પણ યથાવત હોવાનું કહેવાય છે.

હવે સવાલ એ છે કે સાહેબને વડોદરાની ફરજથી કંટાળો આવ્યો છે કે પછી વતન નજીકની ખુરશીનું આકર્ષણ વધારે છે? શું મનગમતી જગ્યાએ પોસ્ટિંગ મેળવવા માટે કોઈ ખાસ 'સેટિંગ'ની રાહ જોવાઈ રહી છે? કે પછી બદલીની ફાઇલ પણ હજુ યોગ્ય ટેબલની શોધમાં છે? હાલ તો સાહેબની નજર બદલીના ઓર્ડર પર અને પોલીસ બેડાની નજર તેમના આગામી પોસ્ટિંગ પર છે! જોઈએ, વડોદરાથી વિદાયની ઇચ્છા ક્યારે પૂરી થાય છે!

પાલિકામાં 'સાહેબ'નો સિક્કો ચાલશે કે પદાધિકારીઓનું રાજકારણ?




વડોદરા મહાનગરપાલિકામાં અત્યારે વિકાસના કામો કરતાં અધિકારી અને પદાધિકારી વચ્ચેના અહમના ટકરાવની ચર્ચા વધુ ગરમ છે. સહાયક ઈજનેર પ્રકાશ રોહિત અને કોર્પોરેટર મયુર ચોવટિયા વચ્ચે ખોડિયારનગર ત્રણ રસ્તા પાસે 2 નવેમ્બરે થયેલી મારામારીનો મામલો હવે સીધો 'સાહેબી વર્સિસ રાજકીય વર્ગ'ની લડાઈ બની રહ્યો છે.

મેયર સાથે સમાધાનની બેઠક થઈ, વાતચીતના પ્રયાસો પણ થયા, પરંતુ લાગે છે કે 'સાહેબ'ના દરબારમાં સમાધાન કરતાં અધિકારીનું મનોબળ જાળવવું વધુ મહત્ત્વનું ગણાયું! ચર્ચા તો એવી છે કે કમિશનરે અધિકારીને એવો ટેકો આપ્યો કે મોડી રાત્રે ફરી પોલીસ સ્ટેશનનાં પગથિયાં ચડવાની નોબત આવી અને કોર્પોરેટર સામે ફરિયાદ નોંધાવવાની ચર્ચા શરૂ થઈ ગઈ. હવે પાલિકાના વહીવટી વર્તુળોમાં એક જ સવાલ ગુંજી રહ્યો છે કે અધિકારીઓ પર રાજકીય દબાણનો યુગ પૂરો થયો કે પછી 'સાહેબ'ની આ નવી વહીવટી સ્ટાઈલ છે? અત્યાર સુધી પદાધિકારીઓના ફોન અને ભલામણોનું વજન ચાલતું હતું, પરંતુ હવે કદાચ સંદેશ એવો છે કે ખુરશી રાજકીય હોય તો પણ કાયદો અને વહીવટની ખુરશી ઓછી વજનદાર નથી!

ટૂંકમાં, પાલિકામાં હવે 'કોણ કોના પર ભારે?' તેનો જંગ શરૂ થયો છે. કોર્પોરેટરની રાજકીય વગ સામે કમિશનરની વહીવટી સત્તા મેદાનમાં ઊતરી છે. જોવાનું એ રહ્યું કે આ જંગમાં આખરે કોનો વટ પડે છે અને કોની 'સાહેબી'નો પારો ઊતરે છે!

પાલિકાના ગલિયારામાં હાલ એક જ ચર્ચા છે: ફાઇલ પર સહી કરાવવી સહેલી, પણ હવે અધિકારી સાથે પંગો લેવો એટલો સહેલો નહીં હોય!

કોચિંગ ક્લાસીસમાં 'પેકેજ વોર': શિક્ષકોની ખેંચતાણમાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર!



સંસ્કારી નગરી અને સ્માર્ટ સિટી વડોદરામાં હવે શિક્ષણ કરતાં કોચિંગ ક્લાસીસનું કોર્પોરેટ વોર વધુ ચર્ચામાં છે. શહેરની વૈભવી ઈન્સ્ટિટ્યૂટ્સ વચ્ચે પોતાનું વર્ચસ્વ જમાવવાની એવી હોડ જામી છે કે જાણે વિદ્યાર્થીઓને ભણાવવાની નહીં, પરંતુ એકબીજાના સ્ટાફને તોડવાની સ્પર્ધા ચાલી રહી હોય! સૂત્રોના જણાવ્યા મુજબ, વધુ પગાર અને આકર્ષક પેકેજની લાલચ આપીને હરીફ સંસ્થાઓના અનુભવી શિક્ષકો અને મેન્ટોર્સને પોતાની તરફ ખેંચવામાં આવી રહ્યા છે. પરિણામે, ચાલુ શૈક્ષણિક સત્રમાં જ કેટલાક શિક્ષકોએ જૂની સંસ્થાને અલવિદા કહી નવી સંસ્થામાં હાજરી નોંધાવી દીધી છે.

જેઈઈ, નીટ અને બોર્ડની પરીક્ષાની તૈયારી કરાવતા ક્લાસીસમાં તો આ ખેંચતાણ જાણે ચરમસીમાએ છે. સંચાલકોને વધુ એડમિશન અને શ્રેષ્ઠ પરિણામના દાવા કરવામાં રસ છે, જ્યારે શિક્ષકોને વધુ સારા પેકેજમાં! જાણે શિક્ષણના ક્ષેત્રમાં પણ ખેલાડીઓની હરાજી શરૂ થઈ ગઈ હોય. ફરક એટલો જ કે અહીં ખેલાડીઓના સ્થાને શિક્ષકોની બોલી લાગે છે અને મેચ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમાય છે.

સૌથી મોટો સવાલ એ છે કે જે શિક્ષક સાથે આખું વર્ષ ભણવાની લય અને ટ્યુનિંગ ગોઠવ્યું હોય તે અચાનક સંસ્થા બદલી નાખે તો વિદ્યાર્થીએ કોની સાથે નવી લય બેસાડવી? મેન્ટોર્સ બદલાય એટલે માર્ગદર્શન પણ બદલાય. બીજી તરફ, લાખો રૂપિયાની ફી ભરી ચૂકેલા વાલીઓ માટે તો આ જાણે 'પૈસા આપ્યા ફેકલ્ટી માટે અને મળી નવી સરપ્રાઇઝ' જેવી સ્થિતિ છે!

મોટાં બિલ્ડિંગ, એસી ક્લાસરૂમ અને આકર્ષક જાહેરાતો વચ્ચે શિક્ષણની મૂળ કડી ગણાતા શિક્ષકો જ જો સ્થિર ન રહે તો સંસ્થાની બ્રાન્ડ વેલ્યુનો વિદ્યાર્થીઓને શું ફાયદો? હવે જોવાનું એ છે કે કોચિંગ ક્લાસીસના આ પેકેજ વોરમાં સંચાલકોની જીત થાય છે કે વિદ્યાર્થીઓના ભવિષ્યની હાર!